
# ભારતીય પેરા ખેલાડીઓએ ટોક્યોનો રેકોર્ડ પેરિસમાં તોડ્યો

## જેવલીન થ્રોમાં પણ બે મેડલ મળ્યા

બીજી બાજુ ભારતના સ્ટાર જેવલિન થ્રો પેરા એથ્લેટ અજીત સિંહે શાનદાર પ્રદર્શન કર્યું અને પેરિસ પેરાલિમ્પિક્સમાં પુરુષોની ભાલા ફેંક F46 કેટેગરીની ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો. અજીત સિંહે ફાઇનલમાં 65.62 મીટરનો વ્યક્તિગત શ્રેષ્ઠ થ્રો કર્યો હતો. તે જ સમયે, આ જ ઇવેન્ટમાં સુંદર સિંહ ગુર્જરે પણ 64.96ના સિઝનના શ્રેષ્ઠ થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## વિશ્વ ચેમ્પિયન સચિન ખિલાડીએ શોટપુટ્સમાં સિલ્વર જીત્યો



પેરિસ,તા.4(પીટીઆઈ):ભારતના સચિન સર્જેરાવે પેરિસ પેરાલિમ્પિક્સમાં પુરુષોના શોટ પુટ એફ-46 ઇવેન્ટમાં 16.32 મીટરના એશિયન રેકોર્ડ થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. દેશના ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લીટ્સોએ પેરાલિમ્પિક્સ ગેમ્સમાં અભૂતપૂર્વ સંખ્યામાં મેડલ જીતવાનું ચાલુ રાખ્યું છે. 34 વર્ષના ખેલાડીએ બીજા પ્રયાસમાં પોતાનો સર્વશ્રેષ્ઠ થ્રો કર્યો હતો. તેણે મે મહિનામાં જાપાનમાં વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. કેનેડાના ગ્રેગ સ્ટુઅર્ટે ટોક્યો પેરાલિમ્પિક્સમાં જીતેલ ગોલ્ડ જાળવી રાખ્યો હતો. ક્રોએશિયાના લુકા બાકોવિકે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સચિનનો સિલ્વર એ પેરિસ પેરાલિમ્પિક્સમાં એથ્લેટિક્સમાં ભારતનો 11મો મેડલ છે. તેણે ચીનમાં એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. F46 કેટેગરીમાં એવા ખેલાડીઓ હોય છે કે જેમના હાથમાં નબળાઈ હોય, સ્નાયુઓની તાકાત ઓછી હોય અથવા તેમના હાથોમાં ગતિની મર્યાદિત નિષ્ક્રિય શ્રેણી હોય. આવા રમતવીરો ઊભા રહીને સ્પર્ધા કરે છે.



**ટોક્યો** પેરાલિમ્પિક્સમાં 19 મેડલ જીતવા રેકોર્ડને તોડી ભારતે પેરિસમાં કુલ 21 મેડલ

**ભારતીય** ખેલાડીઓએ બે દિવસમાં પાંચ મેડલ જીતીને પેરાલિમ્પિક્સમાં બનાવ્યો રેકોર્ડ

પેરિસ, તા. 4 (પીટીઆઈ): પેરિસ પેરાલિમ્પિક્સ 2024માં ભારતીય ખેલાડીઓ સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. મંગળવારે, ભારતીય ખેલાડીઓએ કમાલ કરી અને છ મેડલ જીત્યા. જેમાં બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ભારતે ટોક્યો પેરાલિમ્પિક્સમાં 19 મેડલ જીત્યા હતા જ્યારે મંગળવારની મોડી રાત્રે ભારતના મેડલની સંખ્યા 20 થઈ હતી. આ સાથે જ ભારતે એક જ પેરાલિમ્પિક ગેમ્સમાં સૌથી વધુ મેડલ જીતવાનો નવો રેકોર્ડ બનાવ્યો હતો.

ભારતીય પેરા એથ્લેટ્સે મંગળવારે પેરિસમાં આયોજિત પેરાલિમ્પિક 2024 ગેમ્સમાં પુરુષોની હાઈ જમ્પની T63 કેટેગરીની ઇવેન્ટમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા. મોડી રાત્રે યોજાયેલી ફાઈનલ મેચમાં હાઈ જમ્પર શરદ કુમારે 1.88 મીટર ઊંચુ કૂદીને સિલ્વર મેડલ જીત્યો હતો.

મરિયપ્પન થંગાવેલુએ 1.85 મીટર કૂદીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વિશ્વ રેકોર્ડ ધારક અમેરિકાના ફ્રેચ એઝરાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## દીપ્તિએ 400 મીટર T20 રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો



પેરિસ, તા. 4 (પીટીઆઈ): વર્લ્ડ ચેમ્પિયનશિપ ગોલ્ડ મેડલ વિજેતા ભારતની દીપ્તિ જીવનજીએ મંગળવારે અહીં પેરિસ પેરાલિમ્પિક્સમાં મહિલાઓની 400 મીટર T20 એથ્લેટિક્સ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ મહિને 21 વર્ષની થઈ ગયેલી દીપ્તિએ 55.82 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેણી યુક્રેનની યુલિયા શુલ્યાર (55.16 સેકન્ડ) અને વિશ્વ વિક્રમ ધારક તુર્કીની આયસેલ ઓન્ડર (55.23 સેકન્ડ) કરતા પાછળ રહી હતી અને ત્રીજું સ્થાને મેળવ્યું હતું. T20 શ્રેણી બૌદ્ધિક રીતે નબળા ખેલાડીઓ માટે છે.

## બોપન્ના-સુત્જિયાદીની જોડી સેમિફાઈનલમાં હારી, ભારતીય પડકારનો અંત આવ્યો

**આ** પહેલાં બોપન્ના-સુત્જિયાદીએ ક્વાર્ટર ફાઇનલમાં એબ્ડેન-બાર્બોરાની જોડીને હરાવી હતી



ન્યૂયોર્ક, તા. 4 (પીટીઆઈ): ભારતીય ટેનિસ સ્ટાર રોહન બોપન્ના અને તેની ઈન્ડોનેશિયન જોડીદાર અલ્દિલા સુત્જિયાદી અહીં મિક્સ ડબલ્સની સેમિફાઈનલમાં અમેરિકન જોડી ડોનાલ્ડ યંગ અને ટેલર ટાઉનસેન્ડ સામે 3-6, 4-6થી હાર્યા બાદ યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા હતા.

ભારત-ઈન્ડોનેશિયાની જોડીએ અગાઉ એક કલાક અને 30 મિનિટથી વધુ ચાલેલી ક્વાર્ટર ફાઈનલમાં ચેક રિપબ્લિકના મેથ્યુ એબ્ડેન અને બાર્બોરા ક્રેજિકોવાને હરાવી હતી.

44 વર્ષીય બોપન્ના મેન્સ ડબલ્સમાંથી પહેલા જ બહાર થઈ ગયો હતો. તે અને મેથ્યુ એબ્ડેન ત્રીજા રાઉન્ડમાં મેક્સિમો ગોન્ઝાલેઝ અને એન્ડ્રેસ મોલ્ટેનીની 16મી ક્રમાંકિત આર્જેન્ટિનાની જોડી સામે 1-6, 5-7થી હારી ગયા હતા.

## યુએસ ઓપન : આર્યના સબાલેન્કા અને એમા નાવારો સેમિફાઈનલમાં

**રોજર** ફેડરર પ્રથમ વખત પ્રેક્ષક તરીકે યુએસ ઓપનમાં હાજર રહ્યો

ન્યૂયોર્ક, તા. 4 (એપી): અમેરિકાની એમ્મા નાવારોએ તેનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખ્યું અને યુ.એસ. ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં જગ્યા બનાવી જ્યાં તેનો સામનો એરીના સબાલેન્કા સાથે થશે.

પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટના છેલ્લા ચારમાં પહોંચનાર 13મી ક્રમાંકિત નાવારોએ મંગળવારે ફ્લશિંગ મીડોઝ ખાતે તેના જ દેશની પૌલા બડોસાને 6-2, 7-5થી હરાવી હતી.

દ્વિતીય ક્રમાંકિત સાબાલેન્કાને ગયા મહિને પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ વિજેતા સાતમી ક્રમાંકિત ઝેંગ કિઆનવેનને 6-1, 6-2થી હરાવવામાં કોઈ મુશ્કેલી પડી ન હતી. સાબાલેન્કા ગયા વર્ષે રનર્સઅપ રહી હતી.

અનુભવી ટેનિસ ખેલાડી રોજર ફેડરર પણ આ મેચનો સાક્ષી બન્યો હતો. નિવૃત્તિ બાદ તે પ્રથમ વખત દર્શક તરીકે યુએસ ઓપનમાં પહોંચ્યો હતો. બેલારુસની 26 વર્ષીય સબાલેન્કાએ મેચ બાદ કહ્યું, 'જ્યારે મેં ફેડરરને પ્રેક્ષકોમાં જોયો ત્યારે મને લાગ્યું કે તે ફ્રાન્સિસ ટિયાફો અને ગ્રિગોર દિમિત્રોવ વચ્ચેની મેચ જોવા આવ્યો છે. તેમ છતાં મેં નક્કી કર્યું કે મારે મારું શ્રેષ્ઠ ટેનિસ રમવું છે જેથી તે તેનો આનંદ માણી શકે.



### મેન્સ સિંગલ્સમાં ટિયાફો અને ટેલર ફ્રિટ્ઝ પણ અંતિમ ચારમાં



પુરૂષોની શ્રેણીમાં, બે અમેરિકન ખેલાડીઓ, 20મો ક્રમાંકિત ટિયાફો અને 12મો ક્રમાંકિત ટેલર ફ્રિટ્ઝે સેમિફાઇનલમાં જગ્યા બનાવી જ્યાં તેઓ એકબીજા સામે ટકરાશે. ટિયાફોએ ત્રણ વર્ષમાં બીજી વખત યુએસ ઓપનની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ક્વાર્ટર ફાઈનલમાં તેનો પ્રતિસ્પર્ધી દિમિત્રોવ ચોથા સેટમાં ઈજાને કારણે મેચમાંથી ખસી ગયો હતો. તે સમયે ટિયાફો 6-3, 6-7(5), 6-3, 4-1થી આગળ હતો. અગાઉ, ફ્રિટ્ઝે યુએસ ઓપનમાં 2020ના રનર-અપ એલેક્ઝાન્ડર ઝવેરેવને 7-6 (2), 3-6, 6-4, 7-6 (3)થી હરાવ્યો હતો અને પ્રથમ વખત કોઈ મોટી ટુર્નામેન્ટના છેલ્લા ચારમાં સ્થાન મેળવ્યું હતું.

### સુડોકુ ૭૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૮ | ૧ | | ૩ | ૪ |
| ૮ | | | ૬ | | | | ૨ | ૧ |
| ૫ | | | | ૨ | ૭ | | | |
| ૩ | ૮ | | ૯ | ૪ | | ૧ | ૭ | |
| | ૫ | | | | | ૨ | ૮ | |
| ૧ | ૨ | | | ૫ | ૮ | | ૬ | ૩ |
| | | | | | ૯ | ૩ | | |
| | | ૩ | | ૧ | | | | ૭ |
| ૭ | ૧ | ૮ | | ૪ | ૯ | | | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ

**પેશાબમાં બળતરા થાય છે**

એક બહેને પ્રશ્ન પૂછ્યો.

સોડા દૂધ મિશ્રણ પીવું

2. Bactonil 5g + પાણી 1લીટર , રાત્રે ભીંજવી, બીજા દિવસે ગાળી અખો દિવસ પીવું

3. કડાયો ગુંદર પાણીમાં 3 કલાક ભીંજવી, એલચી સાકર નાંખી પીવું


4. ગોખરુ , પુનર્નવા રોજ લેવું

5. ભોંય આમલી 30 ગ્રામ, મૂળિયાં સહિત છૂંદી રસ કાઢી, 10 મરીના ચૂર્ણ સાથે પીવું.

6. મકાઈની 10g મૂછ 300મીલી પાણીમાં ઉકાળી ને રોજ પીવું.


### શબ્દગુંફન - ૬૭૫૯

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી (૪)
૪. રંગવાળુ (૩)
૭. લીન, ડૂબેલું (૩)
૯. સંતોષ (૩)
૧૦. બ્રહ્માના માનસપુત્ર(૩)
૧૨. રત્ન (૨)
૧૩. મોભો (૪)
૧૪. સ્મરણ (૨)
૧૫. અપ્રીતિ, અરુચિ (૩)
૧૭. નાનું જીવડું (૨)
૧૯. કમનસીબ (૪)
૨૧. સાંભળવાનો અવયવ (૨)
૨૨. લશ્કરી વહાણ (૪)
૨૪. કૃપા, રહેમ (૨)
૨૬. હાથ (૨)
૨૮. આદર, સન્માન (૨)
30. શોકમગ્ન, ઉદાસીન (૪)
૩૨. અત્યારે હાલત (૨)
33. ભુલભરેલુ (૩)
3૪. નસીબ, ભાગ્ય (૪)

**ઊભીચાવી**
૨. હાથી (૩)
૩. તક, પ્રસંગ (૨)
૪. ગરીબ (૨)
૫. ધણી વિનાનું (૫)
૬. નવલું, નવાઈભર્યું (૩)
૮. સાવ સહેલી વાત (૫)
૧૦. આગેવાન, સરદાર (૩)
૧૧. પીડવું તે, દબાવવું તે (૩)
૧૬. ચિંતન (૩)
૧૭. બહુ, ભારે (૨)
૧૮. આપવું તે (૨)
૧૯. દરેક, પ્રત્યેક (૨)
૨૦. રાંધેલા ચોખા (૨)
૨૧. દેહ, શરીર (૨)
૨૨. પ્રતાપ, યશ (૩)
૨૩. ઘોડો (૨)
૨૪. ભાવ, મૂલ્ય (૨)
૨૫. શોક (૨)
૨૬. સોનું (૩)
૨૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૯. પર્વત (૨)
30. વીતી ચૂકેલું (૨)
3૧. ગાયન, કાવ્ય (૨)
3૨. પરાજય (૨)



### આજનું પંચાંગ

**તા. 05/09/2024, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: બીજ:- 12:22
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો: 14
**નક્ષત્ર :** હસ્ત:- વૃદ્ધિ છે.
**યોગ:** શુભ **કરણ :** તૈતિલ
**રાશિ :** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** શુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:50
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1394 , ફરવરદિન માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, રબીઉલ અવલ માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે: 13:30 થી 15:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** નોકરીમાં કામનો બોજ વધે. હરીફોની ચાલથી નુકસાન થઈ શકે છે. નોકર-ચાકરથી સાવધાન.

**વૃષભ (બ.વ.ઉ.):** પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રો સાથે વિવાદથી બચવું. શેર બજારમાં ધીરજ રાખવી.

**મિથુન (ક.છ.ઘ.):** પરિવારમાં અશાંતિ રહે. બહારનાં કામ સતાવે. વડીલોના ખર્ચા વધે. પ્રવાસ થાય.

**કર્ક (ડ.હ.):** ઉતાવળથી ભૂલ થાય. મિત્રો વગેરે સાથે ઘર્ષણ થાય. નોકરીમાં નવી તક મળે.

**સિંહ (મ.ટ.):** વાણી કડવી અને તોછડી રહેવાથી ઘરમાં અશાંતિ વધે. ખર્ચા વધશે.

**કન્યા (પ.ઠ.ણ.):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. સમાજમાં અપયશ મળે. પ્રવાસ થાય.

**તુલા (ર.ત.):** ધર્મ-કર્મ થાય. સમાજસેવાથી શાંતિ મળે. નોકર-ચાકરથી નુકસાન થાય.

**વૃશ્ચિક (ન.ય.):** વિદ્યાભ્યાસની ચિંતા સતાવે. સંતાનોના કામમાં વિઘ્નો આવે. નવી આવક વધે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** ઉપરી વર્ગ સાથે ઘર્ષણ ટાળવું. વડીલોની મદદ રોજના કામમાં મળે.

**મકર (ખ.જ.):** વિદેશનાં કામ થાય. ધાર્મિક સાહિત્યને લગતાં ધંધામાં પ્રગતિ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.):** આંખની કાળજી રાખવી. આરોગ્ય બાબતે ખર્ચા વધે. વિશ્વાસઘાતથી બચવું.

**મીન (દ.ચ.ઝ.થ.):** ભાગીદારીમાં ગેરસમજ થાય. ઘરના કામમાં મદદ મળે. સામાજિક કામ થાય.

### કોઇ પણ સાલમાં 05 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. વર્ષ દરમિયાન ચડતી-પડતી તથા નવી તકો અને સંઘર્ષનો અનુભવ થાય. સમાજ-જીવનમાં તાલમેળ રાખવો પડે. કુટુંબ, પરિવારની અપેક્ષાઓ વધવાથી મહેનત વધે. બચત માટે યોજના પ્રમાણે કામ કરવું પડે. નવા રોકાણમાં વિઘ્નો આવે. મિત્રો વડીલોની મદદ નોકરી-ધંધા, વ્યવસાયમાં મળતી રહે. નવી ટેકનોલોજી અને નવા સરકારના નિયમો પ્રમાણે કામ કરવું પડે. સંતાનોના કામ થવાથી રાહત રહે. વર્ષની શરૂઆતમાં નવા કામ માટે સંઘર્ષ રહે. વર્ષના મધ્યમાં ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. વારસો, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને તક મળે. વિદેશના કામ ધીમાં પડે. નોકરી-ધંધા વ્યવસાયમાં આવક માટેના નવા રસ્તા માટે મહેનત અને દોડધામ વધશે. ઉઘરાણી અટકે. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં નવી આવકનાં સાધનો વધશે. જૂન-જુલાઈમાં ખર્ચા પર કાબૂ રાખવો અઘરો રહેશે.

### અનુસંધાન... પાના પહેલાનું

અનુસંધાન... પાના પહેલાનું

#### ભારત વિકાસની...

સમુદ્રના મોટા ભાગના વિસ્તાર પર પોતાનો દાવો કરે છે, જ્યારે ફિલિપાઈન્સ, મલેશિયા, વિયેતનામ, બ્રુનેઈ અને તાઈવાન તેની સામે પોતાના દાવા કરે છે. 'અમે સંમત છીએ કે આ પ્રદેશમાં આચાર સંહિતાને અંતિમ સ્વરૂપ આપવું જોઈએ', એમ મોદીએ કહ્યું. ભારતે હંમેશા આસિયાન કેન્દ્રીયતાને પ્રાથમિકતા આપી છે અને તે કરવાનું ચાલુ રાખશે, એમ તેમણે ઉમેર્યું હતું. 'અમે યુએનસીએલઓએસ (યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી) જેવા આંતરરાષ્ટ્રીય કાયદાઓ હેઠળ નેવિગેશન અને વિમાનને ઉડવાની સ્વતંત્રતાને સમર્થન આપીએ છીએ', એમ મોદીએ કહ્યું હતું. મોદી દ્વિપક્ષીય મુલાકાતે બ્રુનેઈની યાત્રા કરનાર પ્રથમ ભારતીય વડા પ્રધાન છે. તેમની વાટાઘાટો પછી જારી કરાયેલ સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે બંને નેતાઓએ 'શાંતિ, સ્થિરતા, દરિયાઈ સલામતી અને સુરક્ષા જાળવવા અને પ્રોત્સાહન આપવા તેમજ નેવિગેશન અને ઓવરફ્લાઇટની સ્વતંત્રતા અને અવરોધ વિનાના કાયદેસર વાણિજ્યનો આદર કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.' બંને નેતાઓએ તમામ પક્ષોને આંતરરાષ્ટ્રીય કાયદા, ખાસ કરીને યુએનસીએલઓએસ 1982 અનુસાર શાંતિપૂર્ણ માધ્યમો દ્વારા વિવાદો ઉકેલવા વિનંતી કરી હતી. બંને પક્ષોએ ટેલીમેટ્રી, ટ્રેકિંગ અને સેટેલાઇટ અને લોન્ચ વ્હીકલ્સ માટે ટેલીકમાન્ડ સ્ટેશનના સંચાલનમાં સહકાર પર એક એમઓયુ પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

#### સિંગાપોરમાં PM...

ડાન્સ કરતા જોવા મળ્યા હતા. આ ખાસ પળનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે અને યુઝર્સે વિવિધ પ્રતિક્રિયાઓ આપી છે. હોટલની બહાર એક મહિલાએ પીએમ મોદીને રાખડી બાંધી હતી. આ સિવાય ઘણા લોકો તેની સાથે સેલ્ફી લેવા માટે ઉત્સુક જોવા મળ્યા હતા. પીએમ મોદીએ એક વ્યક્તિને ઓટોગ્રાફ પણ આપ્યો હતો. આ સાથે તેઓ સિંગાપુરના બિઝનેસમેન અને ઘણી મોટી કંપનીઓના સીઈઓને પણ મળશે.

#### ઇન્ડિયા ગઠબંધન...

કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવા અને તેનો વિશેષ દરજ્જો રદ કર્યા બાદ આ પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે. ''અમે વિધાનસભાની ચૂંટણીઓ યોજાય તે પહેલાં જ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા ઈચ્છતા હતા, પરંતુ ભાજપા ઈચ્છતી હતી કે પહેલાં ચૂંટણી થઈ જાય.'' કોંગ્રેસના નેતાએ કહ્યું, ''અમે પ્રદેશમાં રાજ્યનો દરજ્જો પરત કરવાની ખાતરી કરીશું, ભાજપ ઈચ્છે કે ન ઈચ્છે. અમે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે ઈન્ડિયા ગઠબંધનના બેનર હેઠળ સરકાર પર દબાણ કરીશું.''

#### મહિલાઓના આર્થિક...

'મુખ્યમંત્રી મારી લાડકી બહન યોજના' અને 'શાસન અપલ્યા દારી' કાર્યક્રમોના લાભાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું, ''ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ મુજબ, દેશના કાર્યબળમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારની મદદથી મહિલાઓ દરેક ક્ષેત્રમાં યોગદાન આપી રહી છે, પરંતુ આ માટે વધુ પ્રયત્નો કરવાની જરૂર છે જેથી કરીને તેમની ભાગીદારી વધુ વધે.'' મુર્મુએ જણાવ્યું હતું કે, પુરુષોએ મહિલાઓની ક્ષમતાઓને ઓળખવી જોઈએ અને તેમને તેમનાં સપનાં પૂરાં કરવામાં મદદ કરવી જોઈએ. દરેક સ્ત્રી અનેક અડચણો પછી પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે, પરંતુ મહિલા માટે સર્જાયેલી અડચણો પણ દેશના વિકાસની ઝડપને ઘટાડી શકે છે.''

#### ઈઝરાયેલને શસ્ત્રો...

માટે બાધ્ય કરે છે, જ્યારે કોઈ પણ નિકાસ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં ઉપયોગ થઈ શકે છે.' નોઈડાના રહેવાસી અશોક કુમાર શર્મા સહિત 11 લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, સંરક્ષણ મંત્રાલય હેઠળ જાહેર ક્ષેત્રના એન્ટરપ્રાઈઝ સહિતની કંપનીઓ દ્વારા ઈઝરાયેલને લશ્કરી સાધનોનો પુરવઠો આંતરરાષ્ટ્રીય કાયદાની કલમ સાથે જ બંધારણની કલમ 14 અને 21 સાથે જોડાયેલી ભારતની જવાબદારીઓનું ઉલ્લંઘન કરે છે. 'ભારતની વિવિધ કંપનીઓને નિકાસ કરવા માટે, કોઈ પણ વર્તમાન લાયસન્સ રદ કરવા અને નવા લાયસન્સ-પરવાનગીઓ આપવાનું રોકવા માટે, તેના વિવિધ અંગો દ્વારા ઉત્તરદાતાઓને આદેશ અથવા અન્ય કોઈપણ યોગ્ય રિટ અથવા દિશાનિર્દેશ જારી કરો', અરજીમાં કહેવાયું હતું. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસે (આઈસીજે) 26 જાન્યુઆરીના રોજ નરસંહારના ગુનાના નિવારણ અને સજા પરના કન્વેન્શન હેઠળની જવાબદારીઓના ગાઝા પટ્ટીમાં ઉલ્લંઘન માટે ઈઝરાયેલ સામે કામચલાઉ પગલાં લેવાનો આદેશ આપ્યો હતો.

#### ટેક્સાસમાં ભયાનક...

હતા, તેથી તેમની ઓળખ કરવામાં ઘણા દિવસો લાગ્યા. તેમણે કહ્યું કે અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા છે, પરંતુ તેમની વાસ્તવિક સંખ્યા સ્પષ્ટ નથી. ઇજાગ્રસ્તોને ગંભીર ઇજાઓ થઇ ન હતી. અધિકારીઓએ જણાવ્યું કે અકસ્માતમાં મૃત્યુ પામેલા ઓરમપટ્ટી અને શેખ ડલ્લાસમાં એક સંબંધીને મળવા ગયા બાદ પરત ફરી રહ્યો હતો, જ્યારે પલાચરલા તેમની પત્નીને મળવા બેન્ટનવિલે જઈ રહ્યો હતો. ટેક્સાસ યુનિવર્સિટીની પોસ્ટ ગ્રેજ્યુએટ દર્શિની તેના કાકાને મળવા અરકાનસાસ જઈ રહી હતી.

#### દિલ્હી ડાયરી...

શાસન વ્યવસ્થાના પ્રભાવ હેઠળ, લશ્કરના કેટલાક અધિકારીઓએ પરિસ્થિતિનો લાભ લીધો છે, પરંતુ વધુ ભયાનક બાબત એ છે કે આવા નિર્દેશો હંમેશાં અમલમાં હોવા છતાં આવા ઉલ્લંઘનોને કોઈ રોકી શક્યું નથી. આશા છે કે, નવા આદેશોને કડક રીતે લાગુ કરવામાં આવશે અને ભારતીય સશસ્ત્ર દળોની નીતિઓનું રક્ષણ કરવામાં આવશે.

**રાજ્યસભાના એક સાંસદને ચાર વર્ષ સુધી બોલવાની તક મળી નહીં**

રાજ્યસભાના સાંસદ તરીકેનાં ચાર વર્ષના કાર્યકાળ પછી બીજુ જનતા દળ (બીજેડી)ના મુઝિબુલ્લા ખાને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ દરમિયાન ગૃહમાં પ્રથમ વખત વાત કરી હતી. ઓડિશાના સાંસદે રાજકારણના મહાન લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું- સમાજવાદી નેતા કર્પૂરી ઠાકુરથી લઈને ભૂતપૂર્વ વડા પ્રધાન ચૌધરી ચરણ સિંહ સુધીના-પ્રદેશો અને પાર્ટી લાઇનથી ઉપર ઊઠીને તેમણે એ પણ શોક વ્યક્ત કર્યો કે કેવી રીતે તેમણે વિચાર્યું હતું કે તેઓ તેમના સંસદસભ્ય તરીકેના કાર્યકાળ દરમિયાન ઘણું શીખશે, પરંતુ તેમને ક્યારેય બોલવાની તક મળી નથી. બીજેડી સાંસદે તેમને ફાળવેલ સમય કરતાં વધુ સમય સુધી બોલવા છતાં રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનકરે તેમના ભાષણની પ્રશંસા કરી. આ એક ગંભીર મુદ્દો છે અને રાજ્યસભાના પ્રિસાઇડિંગ ઓફિસર માટે વિચારવા જેવો મુદ્દો છે કે એક સાંસદને ચાર વર્ષ સુધી બોલવાની તક મળી નહીં.